# સુરત મહાનગરપાલિકા

<u>પ્રેસનોટ (COVID-19)</u>

તા.૦૨/૦૪/૨૦૨૧

સુરત શહેરમાં હાલમાં કોરોના વાયરસના કેસો વધી રહેલ છે જેને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકા પ્રશાસન દિન રાત ખડે પગે કોવિડ–૧૯ ની કામગીરી કરી રહી છે. માન.મ્યુ.કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS પણ શહેરમાં વધતા જતા કોરોના વાયરસના સંક્રમણને  જેમ બને તેમ જલ્દી નિયંત્રિત કરી શકાય તે માટે ખૂબ પ્રયાસો કરી રહયાં છે અને પ્રતિદિન સંક્રમિત વિસ્તારોની મુલાકાત લઈ તાકીદના ધોરણે અટકાયતી પગલાંઓ લઈ રહયાં છે.

હાલમાં શહેરના અઠવા ઝોનના વિવિધ વિસ્તારોમાં કોરોના પોઝિટિવ કેસોનું પ્રમાણ ખૂબ વધી રહયું હોય આજરોજ માન.મ્યુ.કમિશનર શ્રી બંછાનિધિ પાની, IAS એ અલથાણ–ભટાર ખાતે આવેલ રત્નદીપ સોસાયટીમાં પોઝિટિવ કેસ આવવાના કારણે આ વિસ્તારને કોરેન્ટાઈન જાહેર કરવામાં આવેલ હોય જેની મુલાકાત લીધી  આ વિસ્તાર કોરોના પ્રતિબંધિત હોય અન્ય લોકોએ બિન જરૂરી અવર જવર કરવી નહી કે સોસાયટીમાં પ્રવેશવું નહી અન્યથા અવગણના કરવા બદલ ગુનાપાત્ર બને છે. લોકો ફરજીયાત માસ્ક પહેરે, સામાજીક અંતર જાળવે દિવસ દરમ્યાન સેનેટાઈઝરનો મહત્તમ ઉપયોગ કરે અને સરકારશ્રીની ગાઈડલાઈનનું અચુક પાલન કરે તે બાબતની સમજણ આપી. શહેરમાં કોરોના રૂપી વાયરસની સાયકલ નિયંત્રિત કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી કોવિડ–૧૯ ની કામગીરીમાં સાથ સહકાર આપવા લોકોને અનુરોધ કરવામાં આવેલ.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૨૦**
**તા.૦૨/૦૪/૨૦૨૧**